# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/044 Dt. 14/07/2025

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એક્ષ્પોર્ટ ઇમ્પોર્ટની તકો વિષે સેશન યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૩ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે એક્ષ્પોર્ટ ઇમ્પોર્ટની તકો વિષે સેશન યોજાયું હતું, જેમાં એક્ષ્પોર્ટર તેમજ ઇન્ટરનેશનલ ટ્રેડ એક્ષ્પર્ટ એન્ડ ટ્રેઇનર શ્રી અમિત મુલાણીએ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને એક્ષ્પોર્ટ–ઇમ્પોર્ટ બિઝનેસમાં રહેલી વિશાળ તકો વિષે વિસ્તૃત જાણકારી સાથે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, આજના વૈશ્વિક સ્પર્ધાના યુગમાં એક્ષ્પોર્ટ–ઇમ્પોર્ટ એ માત્ર વ્યવસાય નહીં, પણ ભારતમાં ઉદ્યોગ ક્ષેત્રની વૃદ્ધિ માટેનો એક મજબૂત પાયો છે. આપણે સ્થાનિક ઉત્પાદનને આંતરરાષ્ટ્રીય બજારમાં સ્થાન અપાવવાનું લક્ષ્ય રાખવું જોઈએ. ચેમ્બર તરીકે અમારી પ્રતિબદ્ધતા છે કે ઉદ્યોગ સાહસિકોને એના માટે યોગ્ય માર્ગદર્શન, માહિતી અને પ્લેટફોર્મ મળી રહે, જેથી આપણું ઉત્પાદન વિદેશી બજારમાં પણ આગળ વધે.

એક્ષ્પોર્ટર તેમજ ઇન્ટરનેશનલ ટ્રેડ એક્ષ્પર્ટ એન્ડ ટ્રેઇનર શ્રી અમિત મુલાણીએ જણાવ્યું હતું કે, ભારત માટે જે દેશો એક્ષ્પોર્ટ માટેના મુખ્ય ભાગીદાર રહ્યા છે તેમાં યુનાઇટેડ સ્ટેટ્સ, યુએઇ, નેધરલેન્ડ, ચીન, બાંગ્લાદેશ, સિંગાપુર, યુરોપિયન યુનિયન દેશો (ખાસ કરીને જર્મની અને બેલ્જિયમ), નેપાળ, યુનાઇટેડ કિંગડમ અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

યુનાઇટેડ સ્ટેટ્સ (યુ.એસ.), યુનાઇટેડ અરબ અમિરાત (યુ.એ.ઇ.), નેધરલેન્ડ્સ, ચાઇના, યુનાઇટેડ કિંગડમ (યુ.કે.), સિંગાપોર, સાઉદી અરેબિયા, બાંગ્લાદેશ, જર્મની અને ફ્રાન્સ જેવા ભારત માટે એક્સપોર્ટ માટે મહત્વના છે, જ્યાં ઉદ્યોગ સાહસિકો વિવિધ ઉત્પાદનો એક્સપોર્ટ કરી શકે છે. અમેરિકા અને યુએઈ જેવા દેશો ટેક્ષટાઇલ, દવાઓ, જેમ્સ એન્ડ જ્વેલરી અને ઇલેક્ટ્રોનિક્સ જેવા ઉત્પાદનો માટે ભારત પર નિર્ભર છે. એક્સપોર્ટ માટે નીતિગત સહાય, ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અને લોજિસ્ટિક્સ ઇન્ફ્રાસ્ટકચરના ડેવલપમેન્ટથી ભારતના એક્સપોર્ટરોને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક લાભ મળી રહયો છે.

તેમણે ભારત માટે એક્સપોર્ટની દૃષ્ટિએ નવા અને શ્રેષ્ઠ બજારો વિષે માહિતી આપી હતી. સાથે જ તેમણે એક્સપોર્ટ ઇમ્પોર્ટ માટેના નિયમો, લાયસન્સિંગ પ્રક્રિયા અને કસ્ટમ્સ વ્યવસ્થાઓ, એમએસએમઇ ઉદ્યોગો માટે ઉપલબ્ધ નિકાસ સહાય યોજના, નિકાસ માટે જરૂરી દસ્તાવેજીકરણ અને પ્રમાણપત્રોની વિસ્તૃત સમજણ આપી હતી. આ ઉપરાંત તેમણે ઈ–કોમર્સ, એગ્રો પ્રોડક્ટ્સ, હેન્ડીક્રાફટસ અને ટેકનોલોજી આધારિત ઉત્પાદનોમાં ઊભી થતી તકો તથા લોજિસ્ટિક સપોર્ટ, શિપિંગ રૂટ્સ અને ફાઇનાન્સિંગ મેકેનિઝમ્સ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.